# નવસારી જિલ્લામાં ૧૮૧ અભ્યમ્ ઓનલાઇન એપ્લીકેશનનો પ્રારંભ

**મહિલાઓને લગતી ફરિયાદો મોબાઇલ દ્વારા પણ કરી શકાશે**

નવસારી તા. ૮

નવસારી જિલ્લાને વિશ્વ મહિલા દિવસ ઉજવણી અવસરે મહિલાઓની સુરક્ષા માટે અનોખી ભેટ મળી છે. નવસારી જિલ્લા કલેક્ટર રેમ્યા મોહને નવસારી જિલ્લામાં હવે ૧૮૧ અભયમની મહિલા હેલ્પલાઇન માટે એન્ડ્રોઇડ બેઇઝ સ્માર્ટ ફોન માટે ૧૮૧ અભયમ એપ નો પ્રારંભ કરાવ્યો હતો. આ એપ્લીકેશનના કારણે મહિલાઓની સુરક્ષામાં વધારો થશે. નવસારી કલેક્ટર રેમ્યા મોહને જિલ્લા પંચાયત સભાખંડમાં યોજાયેલા કાર્યક્રમમાં એપ્લીકેશનનો



પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, મહિલા દિવસની ઉજવણી નિમિત્તે મહિલાઓની સુરક્ષા માટે મહત્વની યોજનાનો પ્રારંભ થયો છે. મહિલાને કોઇપણ સ્થળે ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તારમાં મહિલાઓને મુશ્કેલીના સમયે ૧૮૧ અભયમ હેલ્પલાઇન ઉપયોગી બની રહી છે.

આ એપ્લીકેશનની મહત્તા સમજાવતા કલેક્ટરે જણાવ્યું હતું કે, ખાસ કરીને શાળા-કોલેજો કે ઓફિસમાં કામ કરતી વિદ્યાર્થિનીઓ/મહિલાઓ સ્માર્ટ ફોનનો ઉપયોગ કરે છે. તેમના માટે આ ખુબ જ ઉપયોગી બનશે. મુશ્કેલીના સમયમાં એપ મહત્વની સાબિત થશે. કલેક્ટરે આ એપનો મહત્તમ ઉપયોગ થાય તે માટે જાગૃતિ ફેલાવવા અનુરોધ કર્યો હતો. ડૉ. મેહુલ ડેલીવાલાએ ૧૮૧ અભયમ હેલ્પલાઇનને એક વર્ષ પુર્ણ થયું હોવાનું જણાવી, વિસ્તૃત માહિતી આપી હતી. પ્રારંભમાં ૧૦૮ ના ક્લીટ પાયલોટ જગદીશ બડગુજરે સૌને આવકાર્યા હતા. ૧૮૧ એપ્લીકેશનમાં કોઇપણ પ્રકારની મુશ્કેલીમાં ૧૮૧ ઇમરજન્સી બટન દબાવતાની સાથે જ મહિલાના સ્થળ વિશેની માહિતી જીપીએસના આધારે ઇમરજન્સી સેન્ટરને મળી જાય છે. જેના આધારે તાત્કાલિક પગલાંઓ લેવામાં આવશે. ૧૮૧ એન્ડ્રોઇડ એપ પ્રારંભ અવસરે નાયબ જિલ્લા વિકાસ અધિકારી જી.બી.વસાવા, મેલેરિયા અધિકારી રાજેશ પટેલ, ૧૦૮ અને ૧૮૧ ના કર્મચારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.




ગુજરાત સરકારની આગવી પહેલ
૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન
CALL 181
મહિલા હેલ્પલાઈન
મહિલાઓ સાથે થતી ઘરેલુ હિંસા
(શારીરિક, માનસિક, જાતિય), છેડતી,
બિનજરૂરી કોલ / મેસેજ માટે માર્ગદર્શન તેમજ
મહિલાલક્ષી યોજનાની પ્રાથમિક જાણકારી
કાઉન્સેલિંગ અને મદદ માટે
ડાયલ કરો ૧૮૧ મહિલા
નિઃશુલ્ક ૨૪
GVK EMRI


ગુજરાત સરકારની આગવી પહેલ
૧૮૧ અભયમ્ મહિલા હેલ્પલાઈન
CALL 181
મહિલા હેલ્પલાઈન
મહિલાઓ સાથે થતી ઘરેલુ હિંસા
(શારીરિક, માનસિક, જાતિય), છેડતી,
બિનજરૂરી કોલ / મેસેજ માટે માર્ગદર્શન તેમજ
કાઉન્સેલિંગ અને મદદ માટે
કલાક કાર્યરત


બિનજરૂરી કોલ / મેસેજ માટે માર્ગદર્શન તેમજ
મહિલાલક્ષી યોજનાની પ્રાથમિક જાણકારી
કાઉન્સેલિંગ અને મદદ માટે
ડાયલ કરો
બચાવ-મદદ-સૂચન
EMRI
અભયમ્